શ્રી શત્રુંજય મુક્તિ સમ્યગ્ જ્ઞાન અભ્યાસક્રમ

શ્રી શત્રુંજય મુક્તિ

સા વિદ્યા યા વિમુક્તયે

સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ

દ્વિતિય વર્ષ

C/o. શ્રી વીરબાઇ પાઠશાળા, નાની શાક માર્કેટ પાસે, પાલીતાણા-૩૬૪૨૭૦

[સમ્યગ્જ્ઞાન પરિચય] અભ્યાસ- ૮

**શુભાશીર્વાદ :** તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ, પ. પૂ. આ. ભ. **શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી** મ.સા.
**દિવ્ય-કૃપા :** આગમ આરાધિકા, બા.બ્ર.પ. પૂ. સા. **શ્રી મુક્તિશ્રીજી** મ.સા.,
શાસન પ્રભાવિકા પ. પૂ. સા. **શ્રી જયલક્ષ્મીશ્રીજી** મ.સા.
**માર્ગદર્શિકા-પ્રેરીકા :** **સા. જયદર્શિતાશ્રીજી** M.sc., Ph.D.

સૌજન્ય : સુશ્રાવકવર્ય શ્રી રાયચંદભાઇ હંસરાજ ધરમશી કચ્છ સુથરી હાલ-વરલી

# સ્તોત્ર-અર્થ રહસ્ય

## ૨. અજિત-શાંતિ સ્તવ (ચાલુ)

**નારાયઓ (નારાચ) છંદ**

**દેવસુંદરીહિં પાયવંદિઆહિં વંદિયાય;**
**જસ્સ તે સુવિક્કમા કમા; અપ્પણો નિડાલએહિં.**
**મંડણોડ્ડણપ્પગારએહિં કેહિં કેહિંવિ અવંગ;**
**તિલય પત્તલેહ નામએહિં ચિલ્લએહિં સંગયં.**
**ગયાહિં, ભત્તિસંનિવિટ્ઠ વંદણાગયાહિં હુંતિ;**
**તે વંદિઆ પુણો પુણો નારાયઓ...૨૮**

**નંદિઅયં (નંદિતક) છંદ**

**તમહં જિણચંદં, અજિઅં જિઅમોહં.**
**ધુયસવ્વ કિલેસં, પયઓ પણમામિ. નંદિઅયં....૨૯**

**શબ્દાર્થ :-**

**દેવસુંદરીહિં**- દેવતાઓની સુંદરીઓએ
**પાયવંદિઆહિં**-કિરણોના સમૂહવાળી
**વંદિયા**-વંદના કરેલા
**જસ્સ**-જે ભગવંતના
**સુવિક્ક મા**-સારા પરાક્રમવાળા / સારી ગતિવાળા
**કમા**-ચરણો
**અપ્પણો**-પોતાના
**નિડાલએહિં.**-લલાટથી
**મંડણ**-આભૂષણોની
**ઉડ્ડુણ**-રચનાના
**પગારએહિં**-પ્રકારોની
**કેહિં કેહિંવિ**-કેવા કેવા
**અવંગ**-નેત્રના છેડામાં કરેલા અંજનની રચના
**તિલય**-તિલકો
**પત્તલેહ**-પત્રલેખા /પીળા
**નામએહિ**-દેદીપ્યમાન આભૂષણોની રચનાથી
**ચિલ્લએહિં** એ જેમનાં નામ છે
**સંગયંગયાહિં**-શરીરના અવયવ સહિત
**ભત્તિ સંનિવિટ્ઠ**-ભક્તિથી વ્યાપ્ત
**વંદણા ગયાહિં**-વંદના કરવા આવેલી
**હુંતિ**-છે
**તે**-તે તમારાં ચરણો
**વંદિઆ**-વંદન કરેલા
**પુણો પુણો**-વારંવાર
**અહં**-હું
**જિણચંદં**-જિન ભગવાનમાં ચંદ્રરૂપ
**અજિઅં**-અજિતનાથને
**જિઅમોહં**-જેમણે મોહને જીત્યો છે
**ધુયસવ્વ**-સર્વ કલેશો જેમણે ટાળ્યા છે.
**પયઓ**-તત્પર
**પણમામિ**-પ્રણામ કરું છું.

**ગાથાર્થ :-** શરીરનાં કિરણોના સમૂહવાળી દેવતાઓની સુંદરીઓએ પ્રભુનાં પરાક્રમી અથવા સારી ચાલવાળાં ચરણોને પોતાના લલાટથી વંદના કરેલી છે.તે દેવીઓના શરીર પર આભૂષણોની રચનાના ઘણા પ્રકારો છે. તે પ્રકારો કેવા કેવા છે ? નેત્રના પ્રાંત ભાગમાં કાજળ, તિલક અને પત્રલેખા / પીળા જેમનાં નામ છે. તે દેદીપ્યમાન આભૂષણોની રચનાથી તેમના શરીરના અવયવો રહેલા છે; અને ભકિતથી વ્યાપ્ત વંદનાને માટે આવેલી દેવીઓએ તમારાં ચરણોને વારંવાર વંદના કરેલી છે....૨૮

મોહને જીતનારા, સર્વ કલેશોને ટાળનારા અને જિન સામાન્ય કેવળીઓમાં ચંદ્રરૂપ એવા શ્રી અજિતનાથ ભગવાનને હું તત્પર થઇને પ્રણામ કરું છું...૨૯

**ભાસુરયં (ભાસુરક) છંદ**

**થુઅવંદિયસ્સા રિસિગણ દેવગણેહિં,**
**તો દેવવહૂહિં પયઓ પણમિઅસ્સા;**
**જસ્સ જગુત્તમ સાસણ યસ્સા,**

**ભત્તિવસાગયપિંડિઅયાહિં દેવવરચ્છરસા બહુયાહિં,**
**સુરવરરઈગુણ પંડિયઆહિં. ભાસુરયં....૩૦**

**નારાયઓ (નારચ) છંદ**

**વંસસદ્દતંતિતાલમેલિએ,**
**તિઉક્ખરા ભિરામસદ્દમી સએ કએઅ;**
**સુઈસમાણણે અ સુદ્ધ સજ્જગીઅપાય**
**જાલ ઘંટિઆહિં;**
**વલય મેહલા કલાવ નેઉરાભિરામસદ્દ મીસએકએઅ.**
**દેવનટ્ટિઆહિં હાવભાવવિબ્ભમપ્પગારએહિં;**
**નચ્ચિઊણ અંગહારએહિં.**
**વંદિઆય જસ્સ તે સુવિક્કમા કમા.**
**તયં તિલોય સવ્વસત્ત સંતિ કારયં;**
**પસંતસવ્વપાવ દોસમેસહં નમામિ**
**સંતિમુત્તમં જિણં. નારાયઓ...૩૧**

**શબ્દાર્થ :-**

**થુઅ** –સ્તુતિ કરેલા
**વંદિયસ્સા** –વંદન કરેલા
**રિસિગણદેવગણેહિં** –ઋષિના તથા દેવતાના ગણોએ
**તો** –તે પછી
**દેવવહૂહિં** –દેવતાઓની સ્ત્રીઓએ
**પયઓ** –તત્પર થઈને
**પણમિઅસ્સા** –પ્રણામ કરેલા
**જસ્સ** –મુક્તિ પમાડવાને શક્ય
**જગુત્તમ** –જગતમાં ઉત્તમ
**સાસણયસ્સા** –જેમનું શાસન છે.
**ભત્તિવસાગય** –ભક્તિને વશ થઈને આવેલી
**પિંડિઅયાહિં** –એકઠી થયેલી
**દેવવર**–નાચનાર અને વગાડનાર દેવો
**અચ્છરસા** –અપ્સરાઓ
**બહુયાહિં** –જેમાં ઘણી છે
**સુરવરરઈ** –દેવતાઓની સાતે શ્રેષ્ઠ રતિ
**ગુણ** –ગુણમાં
**પંડિયઆહિં** –પંડિત
**વંસસદ્દ** –વેણુનો ધ્વનિ
**તંતિ** –વીણા
**તાલ** –ચપટી / ઢોલ વગેરેથી
**મેલિએ** –મેળવેલા
**તિઉક્ખર** – ત્રિપુષ્કર નામના વાજાથી
**અભિરામ** –મનોહર
**સદ્દમી સએ** –શબ્દોથી મિશ્રિત
**કએ** –કરેલા
**સુઈસમાણણે** –કાનને સમાન કરતા

**શુદ્ધ** -દોષ રહિત
**સજ્જ** -ષડજ સ્વર અધિક ગુણવાન
**ગીઅ** -ગીત સહિત
**પાયજાલ** -પગની જાળના આકારવાળી
**ઘંટિઆહિં** -ઘંટિકા / ઘુઘરી યુક્ત
**વલય** -કંકણ
**મેહલા** -મેખલા /કંદોરા
**કલાવ** -એક જાતનું કલાપ અને આભૂષણ
**નેઉરાભિરામ** - ઝાંઝરથી મનોહર
**સદ્દમીસએ** -શબ્દથી મિશ્રિત
**કએઅ** -કરેલા
**દેવનટ્ટિઆહિં** -દેવતાની નૃત્ય કરનારી અપ્સરાઓથી
**હાવભાવ** -કામ વિકારનો અભિપ્રાય
**વિબ્ભમ** -વિલાસના
**પગારએહિં** -પ્રકારોથી
**નચ્ચિઊણ** -નૃત્ય કરીને
**અંગહારએહિં** -અંગના વિક્ષેપથી
**વંદિઆ** -વંદના કરેલા
**જસ્સ** -જેના
**તે** -તે
**સુવિક્કમા** -સારા પરાક્રમવાળાં અથવા સારી ચાલવાળાં
**કમા** -ચરણ
**તયં** -તે
**તિલોય** - ત્રણ લોકના
**સવ્વસત્ત** -સર્વ પ્રાણીઓને
**સંતિકારયં** -શાંતિ કરનારા
**પસંત** -શાંત થયા છે.
**સવ્વપાવદોસ** -જેમનાં સર્વ પાપ તથા દોષ
**એસહં** -એ હું
**નમામિ** -નમું છું.
**સંતિ** -શાંતિનાથ
**ઉત્તમં જિણં** -ઉત્તમ જિનને

ગાથાર્થ :- મુનિઓના ગણોએ અને દેવતાઓના સમૂહે સ્તુતિ કરેલા અને વંદન કરેલા, તે પછી દેવતાઓની સ્ત્રીઓએ પ્રણામ કરેલા, જેમનું ઉત્તમ શાસન જગતને મુક્તિ આપવા શક્તિમાન છે એવા તીર્થંકરોની ભક્તિને વશ થઇ દેવલોકમાંથી એકઠી થઇને આવેલી, નૃત્ય કરનારાં તથા વાદ્ય વગાડનારાં દેવતા અને અપ્સરાઓ જેમાં બહુ છે અને દેવતાઓની સાથે શ્રેષ્ઠ ક્રીડા કરવારૂપ ગુણોમાં જે પંડિત છે એવી,તથા વેણુનો ધ્વનિ, વીણા અને ચપટી / ઢોલ વગેરેના શબ્દોની સાથે મેળલા. ત્રિપુષ્કર નામના વાજિંત્રથી મનોહર એવા શબ્દોથી મિશ્રિત થયેલા. કાનને સમાનકરવાવાળા, શુદ્ધ એવા ષડજ સ્વર અથવા અધિક ગુણવાળા ગાયન યુક્ત એવી પગની જાળના આકારવાળી, ઘુઘરીઓ સહિત કંકણ, કટિમેખલા, કલાપ અને ઝાંઝરથી મનોહર એવા શબ્દોથી મિશ્રિત કરી, ઘણાં કામવિકાર તથા અલ્પ વિકાર અભિપ્રાય દર્શાવનારા વિલાસના પ્રકારો જેમાં રહેલા છે, એવા અંગ વિક્ષેપથી નૃત્ય કરતી દેવાંગનાઓએ નૃત્ય કરીને શાંતિનાથ પ્રભુના સારાં પરાક્રમવાળાં અથવા સારી ચાલવાળાં ચરણોને વંદના કરેલી છે, તે ત્રણ ભુવનના સર્વ પ્રાણીઓને શાંતિ કરનારા અને જેમનાં સર્વ પાપ તથા દોષ શાંત થયેલાં છે, એવા ઉત્તમ શાંતિનાથ ભગવાનને આ હું પ્રત્યક્ષપણે નમસ્કાર કરું છું........૩૦-૩૧



# શ્રી ગણધરવાદ (ચાલુ)

## નવમા ગણધર શ્રી અચલભ્રાતા

**આધાર ગ્રંથ - શ્રી કલ્પસૂત્ર : અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી ગુણસાગરસૂરિ મ.સા. તથા સચિત્ર ગણધરવાદ : પ.પૂ. અરૂણવિજયજી મ.સા.**

બંગલા દેશની કોસલાનગરીના જાણીતા પ્રસિદ્ધ વિપ્રશ્રેષ્ઠ હારીતગોત્રના વસુદેવ બ્રાહ્મણના પુત્ર અચલભ્રાતા હતા. તેમની માતા નંદા દેવીએ અચલભ્રાતાને મૃગશિર નક્ષત્રમાં જન્મ આપ્યો હતો. પિતાએ સારી રીતે અભ્યાસ કરાવ્યો. પોતાના વંશવારસામાં ચાલતા વેદ-વેદાન્તનો અભ્યાસ કરાવીને પિતાએ પુત્રને અધ્યાપક બનાવ્યો.

મંડાયેલા ગૃહસ્થાશ્રમમાં અધ્યાપકનો વ્યવસાય કરતા અચલભ્રાતાને ૩૦૦ શિષ્યો થયા હતા. કર્મકાંડી તરીકેનું પણ કાર્ય કરતા આ વિદ્વાન પંડિત સ્વ-પર શાસ્ત્રના પારંગત થયા હતા. અનેક દેશોમાં શાસ્ત્રાર્થ સભાઓમાં આમંત્રણથી તેઓ જતા હતા.

આપાપાપુરીમાં સેમિલવિપ્રે આરંભેલ યજ્ઞ-યાગમાં આ પંડિતપ્રવર પણ ૩૦૦ શિષ્યો સાથે હાજરી આપવા ગયા હતા. તીર્થંકર મહાવીરની સર્વજ્ઞ તરીકેની કીર્તિ સાંભળીને તેઓશ્રી પણ પોતાના મનની શંકા ટાળવા માટે ખાસ સમવસરણે ગયા. પ્રભુએ કહ્યું કે, **''હે અચલભ્રાતા ! ''પુરુષ એવેદંગું સર્વંયદ્‌ભૂતંયચ્ચ ભાવ્યં''** આ વેદપદોથી તું એમ સમજે છે કે આ બધું પુરુષ (આત્મા) જ છે. એ આત્મા સિવાયનું પુણ્યપાપ વગેરે જાુદું કાંઇજ નથી. એ તારી સમજ બરાબર નથી. કારણ કે **''પુણ્યઃ પુણ્યેન કર્મણા, પાપઃ પાપેન કર્મણા !''** અર્થ -શુભ કર્મ વડે જીવ પુણ્યશાળી થાય છે અને અશુભકર્મ વડે જીવ પાપી થાય છે. આ વેદપદોથી પુણ્યપાપની સિદ્ધિ થાય છે. પ્રત્યક્ષ આ દેવો તને દેખાય છે તેઓ તથા જગતમાં રાજા મહારાજાઓ, શ્રેષ્ઠિઓ વગેરે જે જે સુખી દેખાય છે તે બધા પૂર્વે કરેલાં પુણ્યથી જ તેવા થયેલા છે એ વાત પણ પુણ્યના અસ્તિત્વની સિદ્ધિ કરે છે. તથા જગતમાં ઘણા આત્માઓ ઘણી રીતથી દુઃખી દેખાય છે. એ બધા પૂર્વે કરેલા પાપથી જ દુઃખી થયેલા છે તેથી એ વાત પાપના અસ્તિત્વને સિદ્ધ કરે છે. એટલે તારે આ બધું વિચારીને પુણ્ય અને પાપના અસ્તિત્વ વિષે શંકા કરવી નહીં, પ્રભુના આવાં મીઠાં અમૃત વચનથી સંશય નાશ પામવાથી પ્રતિબોધ પામેલા અચલભ્રાતા પોતાના ત્રણસો શિષ્યો સહિત વિનીત ભાવે પ્રભુ ચરણોમાં નમી પડી પ્રભુ પાસે દીક્ષા લઇ પ્રભુનો શિષ્ય થયો. પછી પ્રભુ પાસેથી ત્રિપદી પામી એણે પણ દ્વાદશાંગીની રચના કરી.

૪૬ વર્ષનો ગૃહસ્થાશ્રમ પૂરો કરીને આ ઉંમરે તેમને તેજ સમવસરણમાં ૩૦૦ શિષ્યો સાથે આર્હતી દીક્ષા અંગીકાર કરી જીવન પ્રભુના ચરણે સમર્પિત કરી દીધું. સાચા ત્યાગી સાધુ બની ગયા. ભગવાનની

પર્ષદામાં નવમાં ગણધર થવાનું માન તેઓને મળ્યું. અચલભ્રાતા મહાત્માએ લગભગ ૨૬ વર્ષ સુધી ચારિત્ર ધર્મ પાળ્યું. અને તેમાં પણ ૧૨ વર્ષ સુધી છદ્મસ્થાવસ્થામાં રહી ઉંમરના ૫૮ માં વર્ષે ક્ષપકશ્રેણી માંડી ચારે ઘનઘાતી કર્મો ખપાવી સાચા વીતરાગ અને સર્વજ્ઞ સર્વદર્શી -કેવલજ્ઞાની -કેવળદર્શની બન્યા.

૧૪ વર્ષ સુધી કેવળી તરીકે વિચરીને તેઓશ્રીએ અનેક ભવ્યાત્માઓ ઉપર ઉપકાર કર્યો.. ચોથા આરામાં જન્મેલા અને વજ્રઋષભનારાચ સંઘયણ તથા સમચતુરસ્ર નામના પ્રથમ સંસ્થાનના શરીરવાલા તેઓશ્રી પોતાની ૭૨ વર્ષની અંતિમ ઉંમરે રાજગૃહી પધાર્યા. રાજગૃહીમાં ૧ માસના નિર્જલ ઉપવાસ સાથે સંલેષણા કરીને પાદપોપગમન અનશન પૂર્વક, ભવોપગ્રાહી શેષ ચાર અઘાતી કર્મોનો ક્ષય કરી ભગવાન મહાવીર પહેલા તેમની હયાતીમાં જ નિર્વાણ પામ્યા. મોક્ષે પહોંચ્યા સદાને માટે નિરંજન નિરાકાર બન્યા. તેમની શિષ્યપરંપરા ન ચાલી. તેઓએ પોતાનો પરિવાર સુધર્માસ્વામીને સોંપી દિધો હતો.

---

## किं तत्तं ?

ગણધર ભગવંતની દીક્ષા....
પ્રભુ સાથે વાર્તાલાપનો પ્રારંભ....
શેનાથી થાય ?

**किं तत्तं ?**

એક, બે અને ત્રણવાર તત્વની પૃચ્છા...
બીજ બુદ્ધિ દ્વારા ત્રિપદિ પામીને દ્વાદશાંગીની રચના...
બાર અંગ... તેમાં બારમા અંગમાં દૃષ્ટિવાદ અંગમાં ચૌદ પૂર્વ....
નહિ પુસ્તક... નહિ પાટી... કેવી ભવ્ય અદ્ભૂત પદ્ધતિ...
સમસ્ત જ્ઞાનની પ્રાપ્તિ અરિહંત પરમાત્માના મુખારવિંદથી...
ઘણા વર્ષો સુધી પદ્ધતિ ચાલુ રહિ...
ગુરુ ભણાવે... શિષ્ય ભણે...
સાથે પ્રતિક્ષણ ગુરુ સાનિધ્ય...ગુરુ દર્શન... પવિત્ર વાતાવરણ...
કેવો એ ધન્ય સમય ! ગુરુ દ્વારા ચૈતન્યના મહાહિમાલયમાંથી ચૈતન્ય સ્વરૂપ જ્ઞાન પ્રાપ્તિ...
કેવું કમભાગ્ય અમારું કે અમારે અજીવ એવા પુસ્તકોથી જ્ઞાન પ્રાપ્તિ કરવાની ?

# (લઘુ સંગ્રહણી)

# જૈન ભૂગોળ

- આ. હરિભદ્રસૂરિ મ.

## આભિયોગિક દેવોની શ્રેણિઓ :-

આભિયોગિક એટલે સેવક, દાસ, નોકર. આ અભિયોગિક દેવો તિર્યગ્જૃંભક વ્યંતર જાતિના દેવો છે.

વૈતાઢ્ય પર્વત ઉપર ૧૦ યોજન જઇએ એટલે વિદ્યાધર મનુષ્યોની શ્રેણિઓ છે ત્યાંથી હજી ૧૦ યોજન ઉપર જઇએ એટલે ત્યાં દસ યોજન પહોળાઇવાળી બન્ને બાજુ સપાટ ભૂમિવાળી મેખલાઓ આવે છે. એના ઉપર આ દેવોનાં ભવનો છે.

મેરુ પર્વતની દક્ષિણ તરફની મહાવિદેહની ૧૬ અને ભરતક્ષેત્રની ૧ એમ ૧૭ વિજયના વૈતાઢ્ય પર્વત ઉપર સૌધર્મેન્દ્રના લોકપાલના આભિયોગિક દેવોના રહેવાના સ્થાન છે.

તેમજ મેરુ પર્વતની ઉત્તર તરફની મહાવિદેહની ૧૬ અને ઐરાવત ક્ષેત્રની ૧ એમ ૧૭ વિજયના વૈતાઢ્ય પર્વત ઉપર ઇશાનેન્દ્રના લોકપાલના આભિયોગિક દેવોના રહેવાના સ્થાન છે.

સોમ-યમ-વરુણ અને કુબેર એ ચાર જાતિના લોકપાલ દેવો સાથે સંબંધ ધરાવતા આ દેવો છે.

એવી રીતે ૬૮ વિદ્યાધર મનુષ્યની અને ૬૮ આભિયોગિક દેવોની એમ કુલ ૧૩૬ શ્રેણિઓ છે.

## વિજયો અને દ્રહો

તીર્થ અને શ્રેણિઓની રચનાને જાણ્યા પછી હવે આપણે વિજયો અને દ્રહોને જાણવા માટે પ્રયત્ન કરીશું.

**चक्की जे अव्वाइं, विजयाइं इत्थ हुंति चउतीसा ।**
**महद्दह छप्पउमाई, कुरुसु दसगंति सोलसगं ।। २० ।।**

ચક્રવર્તીને જીતવા યોગ્ય ક્ષેત્ર તે વિજયો કહેવાય તે અહીં (જંબુદ્વીપમાં) ચોત્રીસ છે. પદ્મ વિગેરે મોટા છ દ્રહો અને બે કુરુક્ષેત્રમાં દસ સરોવર એ પ્રમાણે સોળ (સરોવરો) છે.

ચક્રવર્તી છ ખંડના વિજેતા હોય છે. આ છ ખંડવાળું ક્ષેત્ર તે જ ચક્રવર્તીને જીતવા યોગ્ય હોય છે. આવા છ ખંડવાળા જંબૂદ્વીપમાં ૩૪ ક્ષેત્ર છે. આ ચોત્રીસ ક્ષેત્રમાં એક ભરતક્ષેત્ર, બીજું ઐરાવત ક્ષેત્ર અને મહાવિદેહ ક્ષેત્રની ૩૨ વિજયનો સમાવેશ થાય છે. અન્ય હિમવંત-હિરણ્યવંત આદિ ક્ષેત્રો છે પરંતુ ત્યાં

ચક્રવર્તી- બળદેવ-વાસુદેવ આદિની કોઇ વ્યવસ્થા નથી. છ ખંડવાળા આ ક્ષેત્ર ઉપર ચક્રવર્તી સંપૂર્ણ વિજય મેળવે છે. તેથી તે વિજયક્ષેત્રના નામે ઓળખાય છે. વિજય ક્ષેત્રમાં રહેલા છ ખંડ આ પ્રમાણે છે- (૧) દક્ષિણાર્ધ મધ્ય ખંડ (૨) દક્ષિણાર્ધ પશ્ચિમ ખંડ (૩) ઉત્તરાર્ધ પશ્ચિમ ખંડ. (૪) ઉત્તરાર્ધ મધ્યખંડ (૫) ઉત્તરાર્ધ પૂર્વ ખંડ (૬) દક્ષિણાર્ધ પૂર્વ ખંડ.

મહાવિદેહ ક્ષેત્રની ૩૨ વિજયમાં ૧૬ પૂર્વ મહાવિદેહની છે અને ૧૬ પશ્ચિમ મહાવિદેહની છે. આ બત્રીસ વિજય ૨૨૧૨ ૭/૮ યોજન વિસ્તારવાળી છે. બત્રીસ વિજયના નામ નીચે મુજબ છે.-

પૂર્વ મહાવિદેહમાં આઠ વિજય ઉત્તર દિશામાં છે, આઠ વિજય દક્ષિણ દિશામાં છે. પશ્ચિમ મહવિદેહમાં પણ આઠ વિજય ઉત્તર દિશામાં છે, આઠ વિજય દક્ષિણ દિશામાં છે.

| ઉત્તરમાં **પૂર્વ મહાવિદેહ** | દક્ષિણમાં | દક્ષિણમાં **પશ્ચિમ મહાવિદેહ** | ઉત્તરમાં |
|---|---|---|---|
| ૧. કચ્છ | ૯. વત્સ 卐 | ૧૭. પદ્મ | ૨૫. વપ્ર 卐 |
| ૨. સુકચ્છ | ૧૦. સુવત્સ | ૧૮. સુપદ્મ | ૨૬. સુવપ્ર |
| ૩. મહાકચ્છ | ૧૧. મહાવત્સ | ૧૯. મહાપદ્મ | ૨૭. મહાવપ્ર |
| ૪. કચ્છાવતી | ૧૨. વત્સાવતી | ૨૦. પદ્માવતી | ૨૮. વપ્રાવતી |
| ૫. આવર્ત | ૧૩. રમ્ય | ૨૧. શંખ | ૨૯. વલ્ગુ. |
| ૬. મંગલાવર્ત | ૧૪. રમ્યક્ | ૨૨. કુમુદ | ૩૦. સુવલ્ગુ |
| ૭. પુષ્કલાવર્ત | ૧૫. રમણિક | ૨૩. નલિન | ૩૧. ગંધિલ |
| ૮. પુષ્કલાવતી 卐 | ૧૬. મંગલાવતી | ૨૪. નલિનાવતી 卐 | ૩૨. ગંધિલાવતી |

卐 આ ચાર વિજયમાં વર્તમાનકાળે સીમંધર, યુગમંધર, બાહુ, સુબાહુ તીર્થંકર અનુક્રમે વિચરી રહ્યા છે.

ભરત અને ઐરાવત ક્ષેત્ર ૫૨૬ ૬/૧૯ યોજન વિસ્તારવાળા છે.

દ્રહો, હૃદો એટલે સરોવરો. જંબૂદ્વીપના મુખ્ય સરોવરો શાશ્વત છે અને તેમાં દેવ-દેવીઓનો વાસ છે.

**છ મહાહૃદો (સરોવરો)ની વિગત નીચે મુજબ છે.-**

| હૃદનું નામ | હૃદનું સ્થાન | લંબાઇ યોજન | પહોળાઇ યોજન | ઉંડાણ યોજન | કયા દેવીનું નિવાસસ્થાન છે? |
|---|---|---|---|---|---|
| ૧. પદ્મહૃદ | ક્ષુલ્લહિમવંત ઉપર | ૧૦૦૦ | ૫૦૦ | ૧૦ | શ્રી દેવીનું |
| ૨. મહાપદ્મહૃદ | મહાહિમવંત ઉપર | ૨૦૦૦ | ૧૦૦૦ | ૧૦ | હ્રી દેવીનું |
| ૩. તિગિચ્છહૃદ | નિષધ ઉપર | ૪૦૦૦ | ૨૦૦૦ | ૧૦ | ધી દેવીનું |
| ૪. પુંડરિકહૃદ | શિખર ઉપર | ૧૦૦૦ | ૫૦૦ | ૧૦ | લક્ષ્મી દેવીનું |
| ૫.મહાપુંડરિકહૃદ | રૂક્મિ ઉપર | ૨૦૦૦ | ૧૦૦૦ | ૧૦ | બુદ્ધિ દેવીનું |
| ૬. કેસરીહૃદ | નીલવંત ઉપર | ૪૦૦૦ | ૨૦૦૦ | ૧૦ | કીર્તિ દેવીનું |

શ્રી હ્રી આદિ દેવીઓ આ સરોવરોના મુખ્ય કમળમાં પોતાના પરિવાર સહિત નિવાસ કરે છે.

દસ લઘુ દ્રહો દેવકુરુ અને ઉત્તરકુરુ ક્ષેત્રમાં આવેલા છે. આ દસમાંથી પાંચ દ્રહો સીતોદાથી તથા પાંચ દ્રહો સીતા નદિથી ભેદાઇને બે-બે ભાગોમાં વહેંચાઇ ગયા છે. આ દસે દ્રહો ૧૦૦૦ યોજન લાંબા, ૫૦૦ યોજન પહોળા અને ૧૦ યોજન ઉંડાણવાળા છે તેમાં એમના નામ પ્રમાણેના દેવો નિવાસ કરે છે.

| દેવકુરુનાં પાંચ હ્રદો (લઘુ) | ઉત્તરકુરુના પાંચ હ્રદો (લઘુ) |
|---|---|
| ૧. નિષધ. | ૬. નીલવંત. |
| ૨. દેવકુરુ. | ૭. ઉત્તરકુરુ. |
| ૩. સુરપ્રભ. | ૮. ચંદ્ર. |
| ૪. સુલસ. | ૯. ઐરાવત. |
| ૫. વિદ્યુત્પ્રભ. | ૧૦.માલ્યવંત. |

## જંબૂદ્વીપ



# કર્મ વિજ્ઞાન

(આધાર ગ્રંથ - ''કર્મ વિપાક'' (પ્રથમ કર્મગ્રંથ)

આ. દેવેન્દ્રસૂરિ મ.

## નામ કર્મ (ચાલુ...)

### સંઘયણ નામ કર્મ

संघयणमट्ठि- निचओ तं छद्धा- वज्ज-रिसह - नारायं ।
तह रिसह नारायं, नारायं अद्ध नारायं ।। ३८ ।।
कीलिअ छेवट्ठं इह, रिसहो पट्टो अ कीलिआ वज्जं ।
उभओ मक्कड -बंधो, नारायं, इम मुरालंगे ।। ३९ ।।

ગાથાર્થ -સંઘયણ એટલે હાડકાની મજબુત ગોઠવણ. તે છ પ્રકારે છે - વજ ઋષભનારાચ, ઋષભનારાચ, નારાચ, અર્ધનારાચ, કિલિકા અને છેવટ્ઠું. અહીં ઋષભ એટલે પાટો, વજ એટલે કીલિકા - ખીલી, નારાચ એટલે બન્ને તરફ મર્કટબંધ (સમજવા) આ સંઘયણો ઔદારિક શરીરમાં હોય છે.

શરીરના હાડકાની રચના - હાડકાની મજબુતાઇ તે સંઘયણ છે. આ સંઘયણના છ ભેદ છે-


**(૧) વજઋષભનારાચ સંઘયણ-** બે હાડકાં મર્કટબંધની જેમ પરસ્પર (નારાચ) એક બીજાને વીંટાળેલા હોય એના ઉપર હાડકાનો પાટો હોય (ઋષભ) આ બધાને ભેદનાર હાડકાની ખીલી (વજ) હોય છે. આવી હાડકાની મજબૂત રચના **વજઋષભનારાચ સંઘયણ** હોય છે. આવી અસ્થિ રચનાને અપાવનાર કર્મ તે **વજઋષભનારાચ સંઘયણ નામ કર્મ** છે.

**(૨) ઋષભનારાચ સંઘયણ -** બે હાડકામાં મર્કટબંધ (નારાચ) હોય ઊપર હાડકાનો પાટો હોય (ઋષભ) (ખીલી ન હોય) આવી હાડકાની રચના તે **ઋષભનારાચ સંઘયણ** છે. એને અપાવનાર કર્મ તે **ઋષભનારાચ સંઘયણ નામ કર્મ.**

**(૩) નારાચ સંઘયણ -** બે હાડકામાં પરસ્પર મર્કટબંધ (નારાચ)હોય પરંતુ પાટો કે ખીલી ન હોય એવી હાડકાની રચના તે **નારાચ સંઘયણ** અને એને અપાવનાર કર્મ તે **નારાચ સંઘયણ નામ કર્મ.**

**(૪)અર્ધનારાચ સંઘયણ :-** બે હાડકાંની વચ્ચે એક બાજુ જ મર્કટ બંધ (નારાચ) હોય. બીજી બાજુ ન હોય. એવી હાડકાની રચના તે **અર્ધનારાચ સંઘયણ.** એને અપાવનાર કર્મ તે **અર્ધનારાચ સંઘયણ નામ કર્મ.**

**સંઘયણ**




**(૫) કીલિકા સંઘયણ :-** ન મર્કટબંધ હોય... ન પાટો હોય... એક માત્ર ખીલી જેવા હાડકાથી જ બે હાડકા જોડાયેલા હોય છે. આવી હાડકાની રચના તે **કીલિકા સંઘયણ** છે અને તેને અપાવનાર કર્મ તે **કીલિકા સંઘયણ નામ કર્મ.**

**(૬) છેવટ્ઠું સંઘયણ -** ન મર્કટબંધ હોય... ન પાટો હોય... ન ખીલી હોય. માત્ર બન્ને બાજુ હાડકા એકબીજાને અડી રહ્યા હોય એવી હાડકાની રચના તે **છેવટ્ઠું સંઘયણ** છે અને તેને અપાવનાર કર્મ તે **છેવટ્ઠું સંઘયણ નામ કર્મ.**

સંઘયણ તિર્યંચ અને મનુષ્યને... ઔદારિક શરીરનેજ હોય છે. દેવો અને નારકોને સંઘયણ ન હોય.

વૈક્રિય અને આહારક શરીરને સંઘયણ ન હોય.

ગર્ભજ તિર્યંચ અને મનુષ્યને છ સંઘયણ હોય છે. વિકલેન્દ્રિયને છેવટ્ઠું સંઘયણ જ હોય છે. પાંચમા આરાના વર્તમાન કાળના માનવીને પણ છેવટ્ઠું સંઘયણ જ હોય છે. હાડકાં જ ન હોવાના કારણે એકેન્દ્રિય અસંઘયણી હોય છે.

## સંસ્થાન નામકર્મ

**समचउरंस निग्गोह-साइ-खुज्जाइ वामणं हुंडं ।**

**संठाणा वण्णा किण्ह नील -लोहिअ-हलिद्द-सिआ ।। ४० ।।**

ગાથાર્થ :-સમચતુરસ્ર, ન્યગ્રોધ પરિમંડલ, સાદિ, કુબ્જ, વામન અને હુંડક સંસ્થાનો છે.

કાળો, લીલો, લાલ, પીળો, અને ધોળો રંગો છે.

દેહની આકૃતિ-આકાર તે સંસ્થાન કહેવાય છે.

તેના છ પ્રકાર છે-

**(૧) સમચતુરસ્ર સંસ્થાન :-** સમ એટલે સરખા, ચતુર એટલે ચાર, અને અસ્ર એટલે ખુણા. જેના ચાર ખુણા સરખા હોય-સમ હોય તે સમચતુરસ્ર સંસ્થાન.

પર્યંકાસને બેઠેલી વ્યક્તિના (૧) જમણા ઢિંચણથી ડાબા ખભા સુધીનું અંતર (૨) ડાબા ઢિંચણથી જમણા ખભા સુધીનું અંતર, (૩) બે ઢિંચણ વચ્ચેનું અંતર અને (૪) પલાઠી અને લલાટ વચ્ચેનું અંતર આ ચાર અંતર જેના (સરખા) સમ છે તે **સમચતુરસ્ત્ર સંસ્થાન** અને એવું સંસ્થાન અપાવનાર કર્મ તે **સમચતુરસ્ત્ર સંસ્થાન નામ કર્મ.**

આ શરીર સર્વાંગે સુંદર, પ્રમાણયુક્ત અવયવ વાળું, લક્ષણ યુક્ત હોય છે.

**(૨) ન્યગ્રોધપરિમંડલ સંસ્થાન –** નાભિથી ઉપરના અવયવ સુંદર અને સંપૂર્ણ હોય જ્યારે નાભિથી નીચેના અવયવ હીનાધિક હોય. તેવી શરીરાકૃતિ ન્યગ્રોધપરિમંડલ સંસ્થાન કહેવાય છે જ્યારે એવી શરીરાકૃતિ અપાવનાર કર્મ તે **ન્યગ્રોધ પરિમંડલ સંસ્થાન નામ કર્મ** છે.

**(૩) સાદિ સંસ્થાન –** નાભિથી ઉપરના અવયવ હીનાધિક હોય અને નાભિથી નીચેના અવયવ સંપૂર્ણ હોય તેવી શરીરાકૃતિ **સાદિ સંસ્થાન** કહેવાય છે. જ્યારે આવી શરીરાકૃતિ અપાવનાર કર્મ **સાદિ સંસ્થાન નામ કર્મ** છે.

**(૪) કુબ્જ સંસ્થાન –** હાથ- પગ - મસ્તક અને ડોક સુલક્ષણ હોય પરંતુ હૃદય -ઉદર (પેટ) હીન હોય તે શરીરાકૃતિ **કુબ્જ સંસ્થાન** કહેવાય છે. અને આવી શરીરાકૃતિ અપાવનાર કર્મ **કુબ્જ સંસ્થાન નામ કર્મ** છે.

**(૫) વામન સંસ્થાન –** હૃદય અને ઉદર સુલક્ષણા હોય અને હાથ-પગ-મસ્તક અને ડોક હીનાધિક હોય તે શરીરાકૃતિ **વામન સંસ્થાન** કહેવાય છે અને આવી શરીરાકૃતિ અપાવનાર કર્મ તે **વામન સંસ્થાન નામ કર્મ** છે.

**(૬) હુંડક સંસ્થાન –** બધાજ અવયવ હિનાધિક અને કુલક્ષણા હોય તે શરીરાકૃતિ **હુંડક સંસ્થાન** કહેવાય છે. અને આવી શરીરાકૃતિ અપાવનાર કર્મ તે **હુંડક સંસ્થાન નામ કર્મ** છે.

## વર્ણનામ કર્મ

**શરીરની ચામડી તથા વિવિધ પદાર્થો અથવા અવયવો ને જુદા જુદા રંગ આપવાનું કામ વર્ણનામ કર્મ કરે છે.**

વર્ણનામ કર્મના મુખ્ય પાંચ ભેદ છે

**(૧) કૃષ્ણવર્ણ નામ કર્મ –** કૃષ્ણ એટલે શ્યામ, વર્ણ એટલે રંગ.

જે કર્મના ઉદયથી પ્રાણીના શરીરનો કૃષ્ણ (શ્યામ) વર્ણ થાય છે તે **કૃષ્ણવર્ણ નામ કર્મ** છે. દા. ત. કસોટીનો પત્થર, કાગડો


**(૨) નીલવર્ણ નામ કર્મ –** જે કર્મના ઉદયથી પ્રાણીના શરીરનો નીલ વર્ણ થાય છે તે **નીલવર્ણનામ કર્મ** છે. દા. ત. મરકત મણી, પોપટ

**(૩) રક્ત વર્ણ નામકર્મ –** જે કર્મના ઉદયથી પ્રાણીના શરીરનો રક્ત (લાલ) વર્ણ થાય છે તે

**રક્તવર્ણ નામ કર્મ છે.** દા. ત. હિંગળોક, સફરચંદ.

**(૪) પિત્તવર્ણ નામ કર્મ -** જે કર્મના ઉદયથી પ્રાણીના શરીરનો પિત્ત (પીળો) વર્ણ થાય છે તે **પિત્તવર્ણ નામકર્મ છે.** દા. ત. હળદર.

**(૫) શ્વેતવર્ણ નામ કર્મ -** જે કર્મના ઉદયથી પ્રાણીના શરીરનો શ્વેત (સફેદ-ધોળો) વર્ણ થાય છે તે **શ્વેતવર્ણ નામકર્મ** છે. દા. ત. શંખ, સસલો.




## ગંધ-રસ-સ્પર્શ નામ કર્મ

सुरहिदुरही रसा पण, तित्त-कडु-कसाय-अंबिला-महुरा ।।।
फासा-गुरु-लहु-मिउ-खर-सी उण्ह-सिणिद्ध-रूक्खट्ठा ।।४१।।

**ગાથાર્થ -** સુગંધ અને દુર્ગંધ, કડવો, તીખો, તુરો, ખાટો અને મીઠો(મધુર) પાંચ રસ, ભારે-હલકો-કોમળ-ખડબચડો-ઠંડો-ઉનો ચીકણો-લુખો એ આઠ સ્પર્શ છે.

શરીરમાં બે પ્રકારની ગંધ હોય છે. એવી ગંધ અપાવનાર એવું ગંધ નામકર્મ હોય છે.

**(૧) સુરભિ નામ કર્મ -** જે કર્મના ઉદયથી શરીરમાં વિવિધ પ્રકારની સુગંધ પ્રાપ્ત થાયછે તે **સુરભિ નામ કર્મ** છે. દા. ત. ગુલાબ, ચંદન, કસ્તુરી, વિગેરે

**(૨) દુરભિ નામ કર્મ -** જે કર્મના ઉદયથી શરીરમાં વિવિધ પ્રકારની દુર્ગંધ પ્રાપ્ત થાય છે તે **દુરભિ નામ કર્મ** છે. દા. ત. લસણ.

પ્રાણીઓના શરીરમાં પાંચ પ્રકારના રસ હોય છે. એ રસ અપાવનાર કર્મ તે રસનામ કર્મ છે.

**(૧) તિક્ત રસ નામ કર્મ -** તિક્ત એટલે કડવો. જે કર્મના ઉદયથી શરીરનો તિક્ત (કડવો) રસ થાય છે તે **તિક્તરસ નામ કર્મ** છે. દા. ત. લીમડો, કારેલું.

**(૨)કટુરસ નામ કર્મ -** કટુ એટલે તીખો. જે કર્મના ઉદયથી શરીરનો કટુ (તીખો) રસ થાય છે તે **કટુરસ નામ કર્મ** છે. દા. ત. મરચાં, મરી.

**(૩) કષાય રસ નામકર્મ -** કષાય એટલે તુરો. જે કર્મના ઉદયથી શરીરનો કષાય (તુરો) રસ થાય

છે તે **કષાયરસ નામકર્મ** છે. દા. ત. આમળા, હરડે.

**(૪) આમ્લરસ નામ કર્મ –** આમ્લ એટલે ખાટું. જે કર્મના ઉદયથી શરીરનો આમ્લ (ખાટો) રસ થાય છે તે **આમ્લરસ નામ કર્મ** છે. દા. ત. આંબલી, લીંબુ.

**(૫) મધુરરસ નામ કર્મ –** મધુર એટલે મીઠો. જે કર્મના ઉદયથી શરીરનો મધુર (મીઠો) રસ થાય છે તે **મધુરરસ નામ કર્મ** છે. દા. ત. શેરડી.

જે કર્મના ઉદયથી પ્રાણીઓના શરીરમાં વિવિધ પ્રકારના સ્પર્શની પ્રાપ્તિ થાય છે તે **સ્પર્શનામ કર્મ** છે. તેના આઠ પ્રકાર છે.–

**(૧) ગુરુ સ્પર્શ નામ કર્મ –** જે કર્મના ઉદયથી શરીર ભારે થાય છે તે **ગુરુ સ્પર્શ નામ કર્મ** છે. દા.ત. લોઢું, વજ્ર,

**(૨) લઘુ સ્પર્શ નામ કર્મ –** જે કર્મના ઉદયથી શરીર હલકું થાય છે તે **લઘુ સ્પર્શ નામ કર્મ** છે. દા. ત. રૂ.

**(૩) મૃદુ સ્પર્શ નામ કર્મ –** જે કર્મના ઉદયથી શરીર કોમળ થાય છે તે **મૃદુ સ્પર્શ નામ કર્મ** છે. દા.ત. પુષ્પ. કપાસ.

**(૪) કર્કશ નામ કર્મ –** જે કર્મના ઉદયથી શરીર કઠોર થાય છે તે **કર્કશ નામ કર્મ** છે. દા. ત. પત્થર.

**(૫) શીત સ્પર્શનામ કર્મ –** જે કર્મના ઉદયથી શરીર ઠંડુ થાય છે તે **શીત સ્પર્શ નામ કર્મ** છે. દા. ત. બરફ.

**(૬)ઉષ્ણ સ્પર્શ નામ કર્મ –** જે કર્મના ઉદયથી શરીર ગરમ થાય છે તે **ઉષ્ણ સ્પર્શ નામ કર્મ** છે. દા. ત. અગ્નિ.

**(૭) સ્નિગ્ધ સ્પર્શ નામ કર્મ –** જે કર્મના ઉદયથી શરીર સ્નિગ્ધ થાય છે તે **સ્નિગ્ધ સ્પર્શ નામ કર્મ** છે. દા. ત. માખણ. તેલ.

**(૮) રૂક્ષ સ્પર્શ નામ કર્મ –** જે કર્મના ઉદયથી શરીર લૂખુ થાય છે તે **રુક્ષ સ્પર્શ નામ કર્મ** છે. દા. ત. ભસ્મ, રાખ.

એવી રીતે વર્ણ ચતુષ્ક (વર્ણ, ગંધ, રસ, સ્પર્શ) ના કુલ ભેદ (૫+૨ + ૫ +૮ = ૨૦) વીસ થાય છે.

## વર્ણ ચતુષ્કમાં શુભાશુભ

**नील कसिणं दुगंधं, तित्तं कडुअं गुरुं खरं रुक्खं ।**
**सीअं च असुह न वगं, इक्कारसगं सुभं सेसं ।।४२।।**

**ગાથાર્થ –** લીલો અને કાળો, દુર્ગંધ, કડવો, તીખો, ભારે ખરબચડો, લુખો, ઠંડો આ નવ અશુભ છે. બાકીના અગિયાર શુભ છે.

| | | |
|---|---|---|
| અશુભ વર્ણ | - | નીલ અને કૃષ્ણ. |
| શુભ વર્ણ | - | રક્ત, પીત અને શ્વેત. |
| અશુભ ગંધ | - | દુર્ગંધ. |
| શુભ -ગંધ | - | સુગંધ. |
| અશુભ રસ | - | તિક્ત અને કટુ |
| શુભ રસ | - | કષાય, આમ્લ અને મધુર |
| અશુભ સ્પર્શ | - | ગુરુ, કર્કશ, રુક્ષ અને શીત. |
| શુભ સ્પર્શ | - | લઘુ, મૃદુ, સ્નિગ્ધ અને ઉષ્ણ. |

| | **અશુભ** | **શુભ** |
|---|---|---|
| વર્ણ | નીલ-કૃષ્ણ | રક્ત-પીત-શ્વેત |
| ગંધ | દુર્ગંધ | સુગંધ |
| રસ | તિક્ત-કટુ | કષાય-આમ્લ-મધુર |
| સ્પર્શ | ગુરુ-કર્કશ-રુક્ષ-શીત | લઘુ-મૃદુ-સ્નિગ્ધ-ઉષ્ણ |

**चउह – गइव्वणुपुव्वी, गइ पुव्वी दुगं तिगं नियाउ जुअं ।**
**पुव्वी उदओ वक्के, सुह असुह वसुट्ट विहगगई ।। ४३।।**

**ગાથાર્થ :-** ચાર ગતિની જેમ આનુપૂર્વી નામ કર્મ ચાર પ્રકારે છે. ગતિ અને આનુપૂર્વી બે મળીને દ્વિક અને પોતાનું આયુષ્ય ભેળવતાં ત્રિક થાય છે.

આનુપૂર્વીનો ઉદય વક્ર -વિગ્રહગતિમાં હોય છે.

બળદ અને ઊંટની સમાન શુભ અને અશુભ વિહાયોગતિ નામકર્મ છે.

**આનુપૂર્વી એટલે એક પછી એક અનુક્રમે રહેલા આકાશ પ્રદેશોની શ્રેણિઓ.**

મરણ પછી બીજે ઠેકાણે જન્મ લેવા જતા આત્માને આકાશ પ્રદેશની શ્રેણિઓ ઉપર ચાલવું પડે છે. તે રીતે જતાં જ્યાંથી વળાંક વળવાનો હોય તે સ્થળેથી બીજી શ્રેણી ઉપર ચડવામાં આ કર્મ સહાય કરે છે. વધુમાં વધુ જીવ ત્રણ વળાંક લે છે તથા ૪ થી ૫ સમયમાં પોતાના ઉત્પત્તિ સ્થાને પહોંચી જાય છે.

**(૧) નરકાનુપૂર્વી નામ કર્મ -** નરક ગતિ તરફ જતાં વળાંક વળવાના સ્થળે મદદ કરીને આત્માને નરકગતિમાં લઇ જનાર કર્મ.

**(૨) તિર્યંચાનુપૂર્વી નામ કર્મ -** તિર્યંચ ગતિ તરફ જતાં વળાંક વળવાના સ્થળે મદદ કરીને આત્માને તિર્યંચ ગતિમાં લઇ જનાર કર્મ.

**(૩) મનુષ્યાનુપૂર્વી નામ કર્મ -** મનુષ્યગતિ તરફ જતાં વળાંક વળવાના સ્થળે મદદ કરીને આત્માને

મનુષ્યગતિમાં લઇ જનાર કર્મ.

**(૪) દેવાનુપૂર્વી નામ કર્મ -** દેવગતિ તરફ જતાં વળાંક વળવાના સ્થળે મદદ કરીને આત્માને દેવગતિમાં લઇ જનાર કર્મ.

જે ગતિ હોય તે જ આનુપૂર્વી હોય અને એજ આયુષ્ય હોય. તેથી જ્યાં જ્યાં ગતિદ્વિક હોય ત્યારે ગતિ અને આનુપૂર્વી લેવાનું છે. તથા ગતિત્રિક હોય ત્યાં ગતિ-આનુપૂર્વી અને આયુષ્ય લેવાનું છે.

દા.ત. - નરકદ્વિક એટલે નરકગતિ અને નરકાનુપૂર્વી.

નરક ત્રિક એટલે નરકગતિ, નરકાનુપૂર્વી, અને નરકાયુષ્ય.

એવી રીતે બીજી ગતિઓમાં પણ જાણવું.

## વિહાયોગતિ

ત્રસ જીવોને ચાલવાની શક્તિ તો મળે છે પરંતુ બધાની ચાલમાં ફરક હોય. ઊંટ અને બળદની ચાલ જુદિ... હંસ અને કાગડાની ચાલ જુદિ... કુતરા અને વાંદરાની ચાલ જુદિ... આ બધાની ચાલને શુભ અને અશુભ બે વિભાગોમાં વિભાજીત કરવામાં આવી છે તે વિહાયોગતિ છે.

બીજાને પ્રિય લાગે તેવી ચાલવાની સુલક્ષણી રીત અપાવનાર કર્મ તે **શુભ વિહાયોગતિ નામ કર્મ** છે. દા. ત. ગજ, વૃષભ, હંસ.

બીજાને ન ગમે તેવી રીતે ચાલવાની કુલક્ષણી રીત અપાવનાર કર્મ તે **અશુભ વિહાયોગતિ નામ કર્મ.** દા. ત. ઊંટ-તીડ-ગધેડો વગેરે.

परघाउदया पाणी, परेसिं बलिणंपि होइ दुद्धरिसो ।
ऊससण लद्धिजुत्तो, हवेइ ऊसासनाम वसा ।। ૪૪ ।।

ગાથાર્થ :- પરાઘાત નામકર્મના ઉદયથી જીવ બળવાનને પણ ભારે પડી જાય છે. શ્વાસોશ્વાસ નામકર્મને કારણે જીવ શ્વાસોશ્વાસ લેવા મુકવાની શક્તિ ધરાવી શકે છે.

જે કર્મના ઉદયથી જીવ એવો પ્રભાવશાળી અને તેજસ્વી હોય કે એના દર્શન કે વાણી માત્રથી સામે બળવાન માણસ પણ ક્ષોભ પામી જાય... કાંઇજ બોલી ન શકે... વિરોધીઓ દબાઇ જાય પરંતુ સ્વયં કોઇનાથી ક્ષોભ ન પામે તે **પરાઘાત નામ કર્મ** છે.

જે કર્મના ઉદયથી નાક અથવા શેષ અંગથી સુખે સુખે શ્વાસોશ્વાસ લઇ શકાય અથવા શ્વાસોશ્વાસની લબ્ધિ પ્રાપ્ત થાય તે **શ્વાસોશ્વાસ નામ કર્મ** છે.

# શ્રાવક દિનચર્યા

## પ્રતિક્રમણ

સાંજ પડે.. સુર્ય અસ્તાચલે જાય...

પંખીઓ પોતાના માળામાં પાછા ફરે...

ગાયોના ધણ જંગલમાંથી ગામમાં આવે...

ભણવા કે રમવા ગયેલા બાળકો ઘરભણી પાછા વળે...

કામધંધે ગયેલા માનવીઓ ઘર ભેગા થાય...

બસ ! આજ પ્રમાણે પરમાત્માના શાસનમાં કેવળ બહારથી નહીં અંદરથી પણ પાછા ફરવાની એક અદ્ભૂત આરાધના સાધક માટે... સાધુ-સાધ્વીજી ભગવંત માટે તથા શ્રાવક શ્રાવિકા માટે જણાવી છે.

સવારના ભૂલ્યો જો સાંજે ઘરે પાછો ફરે તો ભુલ્યો, ભુલ્યો કહેવાતો નથી.

ત્રિલોક નાથનું શાસન કહે છે કે વસવાનું તો સ્વમાંજ છે. પરંતુ મોહથી, પ્રમાદથી કે અજ્ઞાનથી આપણે સ્વમાંથી પરમાં ચાલ્યા જઇએ તો આપણે આપણી મર્યાદા ચુકીએ અને આપણી મર્યાદામાંથી બહાર નિકળી જઇએ તે અતિક્રમણ કહેવાય. જ્યારે આપણને આપણી મર્યાદાનો ખ્યાલ આવે અને આપણે પાછા ફરીએ તે ક્રિયા પ્રતિક્રમણ કહેવાય.

આજના પંચમકાળમાં... કલિયુગમાં આપણને મોહ-પ્રમાદ અને અજ્ઞાનના કારણે મર્યાદા ચુક્યાનો કે આપણે સ્વમાંથી બહાર આવી ગયાનું ભાન જ રહેતું નથી એ માટે આપણા ઉપર મહા ઉપકાર કરી પરમાત્માએ સવાર-સાંજ પ્રતિક્રમણની સુંદર વ્યવસ્થા આપણી સમક્ષ મૂકી. પ્રતિક્રમણને આવશ્યક કહ્યા જે પ્રભુ શાસનને પામેલા સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાને માટે અવશ્ય કરવાના કર્તવ્ય રુપે જણાવ્યા.

**स्वस्थानाद् यत् परस्थानं, प्रमादस्य वशाद् गत: ।**
**तत्रैव क्रमेशं भूय:, प्रतिक्रमणमुच्यते ॥**

પ્રમાદના વશથી સ્વસ્થાનથી જે પરસ્થાનમાં જવાનું થયું હોય ત્યાંથી ફરીને સ્વસ્થાનમાં પાછા ફરવું તે પ્રતિક્રમણ કહેવાય છે.

પ્રતિક્રમણ દેવસિક આદિ પાંચ ભેદવાળું છે.-

૧. દિવસને અંતે જે કરાય... દિવસ દરમ્યાન જે અશુભ યોગોમાં પ્રવૃત્તિ થઇ હોય એની નિવૃત્તિરૂપ જે પ્રતિક્રમણ કરાય તે **દેવસિક પ્રતિક્રમણ** કહેવાય.

૨. રાત્રિને અંતે જે કરાય... રાત્રિ દરમ્યાનજે અશુભ યોગોમાં પ્રવૃત્તિ થઇ હોય ત્યાંથી પાછા ફરવાની નિવૃત્તિરૂપ જે ક્રિયા કરાય તે **રાઇ પ્રતિક્રમણ** કહેવાય.

૩. પક્ષને અંતે જે કરાય.. પક્ષ દરમ્યાન જે અશુભ યોગોમાં પ્રવૃત્તિ થઇ હોય એમાંથી પછા ફરવાની નિવૃત્તિરૂપ જે ક્રિયા કરાય છે તે **પક્ખી પ્રતિક્રમણ (પાક્ષિક પ્રતિક્રમણ)** કહેવાય.

૪. ચાર માસને અંતે જે કરાય... ચાર માસ દરમ્યાન જે અશુભ યોગોમાં પ્રવૃત્તિ થઇ હોય ત્યાંથી પાછા ફરવાની નિવૃત્તિરૂપ જે ક્રિયા કરાય છે તે **ચોમાસી (ચાતુર્માસિક) પ્રતિક્રમણ** કહેવાય.

૫. વર્ષને અંતે જે કરાય... વર્ષ દરમ્યાન જે અશુભ યોગોમાં પ્રવૃત્તિ થઇ હોય ત્યાંથી પાછા ફરવાની નિવૃત્તિરૂપ જે ક્રિયા કરાય છે તે **સાંવત્સરિક પ્રતિક્રમણ** કહેવાય છે.

પ્રભુ મહાવીરસ્વામિએ વૈશાખ સુદિ અગિયારસના શુભ દિને શ્રી ચતુર્વિધ સંઘની સ્થાપના કરી. ત્યાર પછી તે દિવસથી શ્રી સંઘે પ્રતિક્રમણનો પ્રારંભ કર્યો... શ્રી સંઘે પ્રથમ દેવસિક પ્રતિક્રમણ કર્યું તેથી એનો ક્રમ પહેલો રાખવામાં આવ્યો છે.

દેવસિક હોય કે રાઇ પ્રતિક્રમણ હોય પ્રત્યેક પ્રતિક્રમણમાં છ આવશ્યકનો સમાવેશ થાય છે. આ છ આવશ્યકના નામ નીચે પ્રમાણે છે-

૧. સામાયિક આવશ્યક. ૨. ચઉવિસત્થો (ચતુર્વિંશતિ) આવશ્યક. ૩. વાંદણા આવશ્યક. ૪. અતિચાર આવશ્યક. ૫. કાયોત્સર્ગ આવશ્યક. અને ૬. પચ્ચક્ખાણ આવશ્યક.

આપણી કોઇ પણ ભુલ થઇ હોય.. એમાંથી પાછા હટવું હોય... તો પ્રથમ આપણે શાંત થવું પડે... આપણા કાર્યોને યાદ કરી ભુલો શોધવી પડે. ભુલોનો દેવ-ગુરુની સાક્ષીએ સ્વીકાર કરવો પડે... કોઇ પણ કાર્ય કરતાં પહેલાં દેવ-ગુરુને નમસ્કાર કરવા પડે. આપણી ભુલોનો સ્વીકાર કરી એમને જીવનમાંથી સદા માટે વિદાય આપવી પડે.... એ માટેનું પ્રાયશ્ચિય અને પચ્ચક્ખાણ કરવું પડે.

પ્રતિક્રમણની ક્રિયાને ઓપરેશનની સાથે સરખાવી શકાય. ઓપરેશન પછી થાય છે પહેલા ડૉક્ટર આપણા શરીરમાં રહેલા બગાડને ખરાબીને શોધી કાઢે છે. સાધક પોતાના જીવનમાં રહેલા દોષોને શોધી કાઢે છે. વિવિધ પ્રકારના નિષ્ણાતોની હાજરીમાં ખરાબ ભાગને યા તો રીપેર કરવામાં આવે છે અથવા કાઢી નાંખવામાં આવે છે. સાધક દેવ-ગુરુની હાજરીમાં (સાક્ષીએ)ભુલોનો-દોષોનો સ્વીકાર કરીને એમને જીવનમાંથી કાઢી નાંખે છે...કાઢી નાખવા ક્ષમાની સાધના સાથે પુરુષાર્થ કરે છે. પછી કાયોત્સર્ગ અને પચ્ચક્ખાણ દ્વારા એની વિશેષ શુદ્ધિ કરે છે. એટલા માટે જ છ આવશ્યક જણાવવામાં આવ્યા છે. હવે આપણે આ છ આવશ્યકને ક્રમસર સમજવા પ્રયત્ન કરીએ.

**૧. સામાયિક આવશકયક :-** પાણી સ્થિર હોય તો એમાં કોઇ પણ વસ્તુનું પ્રતિબીંબ દેખાય. તેવી જ રીતે આપણાં મનમાં સમાધિ હોય ત્યારે જ આપણું સ્વયંનુ જીવન કેવું છે ? એનું સાચું પ્રતિબીંબ દેખાય- આપણી ભૂલોનું સંશોધન કરવું હોય... ભુલોથી પાછા હટવું હોય તો સમતા-સમાધિ યુક્ત

સામાયિક અત્યંત આવશ્યક છે. આ તો પ્રતિક્રમણનું પ્રવેશદ્વાર છે. તેથી પ્રતિક્રમણ કરવા પ્રથમ સામાયિકનો સ્વીકાર અનિવાર્ય બને છે.

**૨. ચઉવિસત્થો આવશ્યક :-** કોઇ પણ શભુ કાર્ય કરવું હોય તો દેવ-ગુરુને વંદના કરી એમના આશીર્વાદ મેળવવા જોઇએ. અહીં પોતાના ભુલોને શોધી એમાંથી પાછા હટવાની વિશિષ્ટ કોટિની પ્રતિક્રમણની ક્રિયા કરવા માટે પ્રથમ અરિહંત પરમાત્માની સ્તવના કરવાની છે. ચોવિસ તીર્થંકરોની સ્તુતિ - નમસ્કાર કરીને કાર્યને સફળ બનાવવાનું છે. આ આવશ્યકમાં લોગસ્સ દ્વારા આરાધક ચોવિસ તીર્થંકરોની ભક્તિનો લાભ લે છે.

**૩. વાંદણા આવશ્યક :-** પોતાના જીવનના દોષો અને ભુલોનો... અતિચારોનો જ્યારે ગુરુ સાક્ષીએ સ્વીકાર કરીને એ માટે ''મિચ્છામિ દુક્કડં'' કરવાનું છે ત્યારે પ્રથમ જીવનના અહંકારનો ત્યાગ કરી વિનય અને નમ્રતા દર્શાવવા ગુરુ વંદન કરવા માટે આ ત્રીજું આવશ્યક છે.

**૪.અતિચાર / પ્રતિક્રમણ આવશ્યક :-** છ આવશ્યકોમાં આ અતિ મહત્વનું આવશ્યક છે. આ આવશ્યક દરમ્યાન સાધક પોતાના જીવનના વ્રતો અને નિયમોમાં લાગેલા અતિચાર અને ભૂલોને શોધે છે... યાદ કરે છે અને ગુરુ સાક્ષીએ એમની મન-વચન-કાયાથી ક્ષમા યાચના કરે છે. આત્મ જાગૃતિ અને આત્મનિર્મળતા માટેની આ વિશિષ્ટ ક્રિયા-આરાધના છે. આ આવશ્યકનો મુખ્ય હેતુ વિશ્વમૈત્રી અને શુભ ભાવના છે.

**૫. કાયોત્સર્ગ / કાઉસગ્ગ આવશ્યક :-** અંધકારમાંથી પ્રકાશ તરફ અને અપૂર્ણતામાંથી પૂર્ણતા તરફ લઇ જનાર આ ધ્યાનના અભ્યાસની ક્રિયા છે. શરીરની મમતાનો ત્યાગ કરી આત્મ સ્વરૂપમાં રમણતા કરવાની છે. આથી મનની એકાગ્રતા કેળવાય છે અને પોતાના સાચા સ્વરૂપને જોવા અને વિચારવાની તક મળે છે.

**૬. પ્રત્યાખ્યાન / પચ્ચક્ખાણ આવશ્યક :-** આ આવશ્યકમાં ઇચ્છાઓનો નિરોધ કરવા ભોગસામગ્રીની મર્યાદા કરવા માટે ધાર્મિક નિયમ લેવામાં આવે છે. એનાથી સંતોષ આવે છે. મન શાંત બને છે અને ઇન્દ્રિયોની માંગો ઘટી જાય છે. સામાન્ય રીતે સવારના (રાઇ) પ્રતિક્રમણમાં નવકારસીનું અને સાંજના (દેવસિક) પ્રતિક્રમણમાં ચોવિહારનું પચ્ચક્ખાણ લેવામાં આવે છે.

જીવનમાં જાણતાં-અજાણતાં થઇ ગયેલા પાપોનું શુદ્ધ ભાવથી જો પ્રતિક્રમણ કરવામાં આવે તો જીવનમાંથી પાપોનો ક્ષય થાય છે... નાશ થાય છે. જીવન શુદ્ધ અને સાત્વિક બને છે... દુર્ગતિનો ભય દૂર થાય છે. આત્મા સદ્ગતિ તરફ પ્રયાણ કરે છે. જીવનમાં અવશ્ય કરવા યોગ્ય આ શ્રાવકનું કર્તવ્ય છે. પ્રતિક્રમણના મહત્વને સમજનાર શ્રાવક માહણસિંહની જેમ ગમે તેવી પરિસ્થિતીમાં પણ પ્રતિક્રમણના કર્તવ્યને ચુકતો નથી.

માહણસિંહ દિલ્હીના ફીરોજશાહ બાદશાહના મંત્રીશ્વર હતા... પ્રતિક્રમણના મુલ્યને જાણનારા

એના અદ્ભૂત આરાધક હતા. યુદ્ધની ભૂમિ ઉપર ખૂનખાર જંગ ખેલાતો હોય તેવા સમયે પણ પ્રતિક્રમણ ન ચુકતા... સમય થાય એટલે પ્રતિક્રમણ કરતા અને એ સમયે રાજાજ્ઞાથી તેની ચારે બાજુ સૈન્ય ગોઠવાઇ જઇને તેમની રક્ષા કરતું.

રાજાએ એકદા વગર વાંકે મંત્રીશ્વર માહણસિંહને જેલમાં પૂરી દીધો... એના બન્ને પગમાં બેડીઓ નાંખવામાં આવી... સાંજ પડી -પ્રતિક્રમણનો સમય થયો... બન્ને હાથ-પગમાં બેડીઓ છે... પ્રતિક્રમણ કેમ કરવું ?... મંત્રીશ્વરની આંખમાં આંસુ ધસી આવ્યા... જેલરે દયાથી પ્રેરાઇને પ્રતિક્રમણના સમય પૂરતી બેડીઓ કાઢી નાંખી... આવો ક્રમ કેટલાક દિવસ ચાલ્યો....

સમય જતાં રાજાને પોતાની ભૂલ સમજાણી. રાજાએ માહણસિંહને છૂટો કર્યો... ઘરે આવીને માહણસિંહે તરત જ જેલરને બોલાવ્યો... એની સહાયતાથી જેટલા પ્રતિક્રમણ થયા હતા એટલી સોનામહોર એને ભેટ ધરી.

નકામી વાતોમાં અને કામોમાં સમય ગુમાવનાર આપણને ક્યારે સમજાશે પ્રતિક્રમણના મુલ્ય ?

**પાંચ પ્રતિક્રમણ શા માટે ?**

પ્રતિક્રમણનો સીધો સંબંધ આપણા કષાયથી-ક્રોધ-માન-માયા-લોભ સાથે છે. આ કષાયના ચાર-ચાર પ્રકાર છે.- (૧) અનંતાનુબંધીન (૨) અપ્રત્યાખ્યાનાવરણીય (૩) પ્રત્યાખ્યાના વરણીય અને (૪) સંજ્વલન.

કોઇ પણ કષાય જો જાવત્જીવન સુધી રહી જાય તો એ અનંતાનુબંધીન થાય છે. અનંતાનુબંધીન કષાય સમ્યગ્દર્શનને જીવનમાં પ્રગટ થવા ન દે. તેથી આપણો નંબર શ્રાવકની કક્ષામાંથી પણ નિકળી જાય છે. જો આપણા કોઇપણ કષાયને અનંતાનુબંધીન ન થવા દેવો હોય તો ભાવ પૂર્વક ''સવંત્સરી પ્રતિક્રમણ'' અવશ્ય કરવું જોઇએ. અને સર્વ જીવોને ખમાવવા જોઇએ.

એવી જ રીતે જો કોઇ પણ કષાય એક વરસ સુધી ટકી જાય તો એ અપ્રત્યાખ્યાનાવરણીય બને છે અને એ જીવનમાં કોઇપણ પ્રકારના પચ્ચક્ખાણને... દેશવિરતિને આવવા દેતો નથી. માટે અપ્રત્યાખ્યાનાવરણીય કષાયને દૂર કરવા ચાતુર્માસિક પ્રતિક્રમણ અવશ્ય કરવું જોઇએ.

જો કોઇપણ કષાય ચાર મહિના સુધી રહી જાય તો એ કષાય પ્રત્યાખ્યાનાવરણીય બને છે. અને તે સર્વવિરતિનો ઘાત કરે છે. જો જીવનમાં સર્વવિરતિ ટકાવવી હોય તો પાક્ષિક/ પક્ખી પ્રતિક્રમણ અવશ્ય કરવું જોઇએ.

જો કોઇ પણ કષાય પંદર દિવસ સુધી રહી જાય તો એ કષાય સંજ્વલન કષાય બને છે. અને તે યથાખ્યાત ચારિત્રનો ઘાત કરે છે. આ કષાયને દૂર કરવા... સતત જાગૃત રહેવા શાસ્ત્રકાર મહર્ષિઓએ દેવસિક તથા રાઇ પ્રતિક્રમણ કહ્યા છે.

ભવો ભવમાં આપણે આક્રમણો અને અતિક્રમણ ઘણા કર્યા આવો ! સમજીને પરથી પાછા ફરીએ... પ્રતિક્રમણ કરી આત્મામાં ... સ્વમાં વસીએ... મળેલ માનવ ભવ સાર્થક કરીએ...

# વિરતિ પાટિકા

# અનર્થ દંડ

અનંત ઉપકારી .. તરણતારણ તીર્થંકર પરમાત્માએ આ જીવ ઉપર કેવી કરૂણા વરસાવી છે ? આ જીવને પોતાના અંધકારમય ભાવિનો વિચાર નથી. એના પાપ ભરેલા વર્તમાનનો પશ્ચાતાપ નથી. પરંતુ દેવાધિદેવને એની ચિંતા છે. તેથી જ જીવને પાપોમાંથી બચાવવા વિરતિ ધર્મની સ્થાપના કરી છે. આપણને વિરતિનો માર્ગ બતાવ્યો છે.

સાધુ માટે સર્વ વિરતિ જણાવી.

શ્રાવક માટે દેશ વિરતિ જણાવી.

દેશ-વિરતિધર શ્રાવકના બાર વ્રતોમાં આઠમું વ્રત છે અનર્થદંડ વિરમણ વ્રત.

અનાદિ કાળથી સંસાર સાગરમાં પરિભ્રમણ કરતો આ જીવ સદા-સર્વદા-સર્વત્ર, સ્વ માટે પર માટે, પોતાની ફરજ માટે અથવા ફરજ વિના પાપ કર્મ બાંધતો જાય છે અને તેથી આત્મા દંડાઇને દુર્ગતિમાં દુઃખ-દર્દ અને દુર્ભાગ્યને પામતો રહે છે. આવા જીવોને બચાવવા- ઉગારવા પ્રભુએ સુંદર માર્ગ બતાવ્યો છે. પ્રભુએ આત્મા જે દંડ ભોગવે છે એના બે પ્રકાર જણાવ્યા છે.-

(૧) અર્થ દંડ અને (૨) અનર્થ દંડ...

શરીર, કુટુંબાદિ અર્થે ફરજ બજાવવા માટે જે કાર્યો કરવામાં આવે, અથવા સ્વ લાભના પ્રયોજનવાળી પ્રવૃત્તિ એનાથી બંધાતા કર્મ અને એના ભોગવવા પડતા ફળો તે અર્થ દંડ છે.

પરંતુ જીવ ઘણીવાર જેની સાથે પોતાને લેવા -દેવા નથી એવી પ્રયોજન વિનાની પ્રવૃત્તિ કરે છે એનાથી બંધાતા કર્મ અને એના દ્વારા ભોગવવા પડતા કટૂ વિપાક તે અનર્થ દંડ છે.

અર્થ દંડ વિના જીવન જીવી શકાતું નથી માટે એને ત્યાગી શકાય નહીં. પરંતુ અનર્થ દંડ વિના જીવન જીવી શકાય છે. પાપથી બચી શકાય છે માટે પ્રભુજીએ અનર્થ દંડનો ત્યાગ કરવાની વાત જણાવી છે.

જે જીવ અનર્થ દંડથી વિરામ પામીને આત્માને સંભવિત પાપ કર્મથી મુકત રાખે છે તે ખરેખર ધન્ય છે. આવો ! આપણે અનર્થ દંડ વિરમણ વ્રતને અને એના અતિચારોને જાણીને જીવનને એ વ્રત દ્વારા શણગારવા ઉદ્યમવંત બનીએ.

આઠમું અનર્થદંડ વિરમણ નામે ત્રીજું ગુણવ્રત છે. આપણું અથવા આપણા સ્વજનનું જે કાર્ય તેને અર્થદંડ કહિયેં પણ જેમાં પોતાને તથા પોતાના સ્વજનને કાંઇ લાભ નથી એવા નિષ્ફલ કર્મને અનર્થ દંડ કહિયે એટલે પ્રયોજન વિના જે પુણ્યવ્રત ધનનો નાશ કરીને આત્માને દંડાવવું, પાપકર્મ કરી લીપાવવું.

અર્થાત્ અર્થ વિના દંડાવવું તેને અનર્થદંડ કહીયેં. તે અપધ્યાનાદિ ભેદે ચાર પ્રકારના છે. તેને જે મુહૂર્તાદિ કાલની મર્યાદાયેં નિષેધવું તેને અનર્થદંડ વિરમણવ્રત કહેવાય. અનર્થદંડ ચાર પ્રકારે છે.-

**૧. અપધ્યાનાચરિત અનર્થ દંડ :-** અપ એટલે માઠું (ખરાબ) એવું જે આર્તધ્યાન અને રૌદ્રધ્યાન છે એ ધ્યાનનું આચરણ કર્યું હોય અર્થાત અંતર્મુહૂર્ત પર્યંત અથવા વધુ ક્રોધ ધારણ કર્યો હોય તથા કોઇની સાથે વૈર કરવાનું ધ્યાન, કલહ કરવાનું ધ્યાન, વાદ-વિવાદ કરવાનું ધ્યાન, વેઢુ એટલે વઢવાડ કરવાનું ધ્યાન, અબોલા રહીને રોષ કરવો શ્રાપ દેવો, ગાળ દેવી તથા કર્કશ એટલે ખરાબ અપ્રિય કડક વચન બોલવા, આકુળ ચિત્તે ચિંતા કરવી તેને અપધ્યાનાચરિત અનર્થદંડ કહેવાય.

**૨. પ્રમાદાચરિત :-** પાણીમાં તરવું, છાંટણાનું છાંટવું, જુગાર રમવું, વાદ કરવો, વિકથા તે સ્ત્રીકથા, દેશકથા, રાજકથા અને ભોજન કથા એ ચાર વિકથાનું કરવું તથા પુણ્યપ્રભાવના જેથી થાય તેના અંગ જે જિનપૂજા, પ્રતિક્રમણ આદિ અનુષ્ઠાન શાસ્ત્રશ્રવણાદિક છે તેને ટાળી ને જે થકી હાસ્ય રસ ઉત્પન્ન થાય એવા નવનવા નાટક કરાવવા, જોવા, ગીત ગવરાવવાં અથવા હાસ્ય વિનોદ કરવા અને રસ તે રસગૃદ્ધિના વધારનારા એવા મિષ્ટાનાદિ રસના વખાણ કરવા, હોલીના ફાગ ગવરાવવા ખેલવા, ભુઆ-ભરડા નચાવવા, નવરાત્રીમાં ગરબા કરવા કરાવવા, ખેલ કરાવવા, વાડી બાગ બગીચામાં ફરવું, નવા-નવા દૈત્યાદિકના વેશ કરાવવા, મલ્લયુદ્ધ કરાવવું, પાડા કુતરા કુકડાઓને આપસમાં લડાવવા, અને શરીરમાં રોગ તથા મહેનત કરવાનો શ્રમ કાંઇ પણ ન હોય તો પણ પ્રમાદને વશ થકા નિરર્થક ધર્મધ્યાનાદિક શુભકૃત્ય ન કરતાં સંપૂર્ણ રાત્રિ પર્યંત સુઇ રહીને નિદ્રા લેવી તથા લીલા અથવા આલેં એટલે નિરર્થક પણે ફૂલ ફલ અને પાન તેને વૃક્ષોમાંથી તોડી લેવું. અને દહેરાસર પૌષધશાલાને વિષે તાંબુલઆદિ દસ આશાતનાનું કરવું તે સર્વ પ્રમાદના વશથી આચરાય છે માટે તેને પ્રમાદાચરિત કહેવાય.

**૩. હિંસા પ્રદાનઃ-** કોઇને કોશ, કોદાળી, પાવડો, ધનુષ્ય, તલવાર, અને આરા ઇત્યાદિક પદાર્થ સર્વ જીવહિંસાના અંગ છે તે આપીએં એને હિંસા પ્રદાન કહેવાય.

**૪. પાપોપદેશ :-** કારણ વિના કોઇને પાપનો ઉપદેશ કરે- કે ભાઇ આ ઘોડા અને વૃષભ પ્રમુખ મોટા થયા માટે હવે એને સમરાવો તો કામમાં આવે તથા આ ખેતર ફોકટ પડ્યું છે. તેને ખેડો પાણીની નીક મુકો તો ધાન્ય સારૂં નિપજશે. અથવા આ તમારૂં ગાડું છે તેને વહેવરાવો તથા ક્યારનો દિવસ તો ઉગ્યો છે હજી પણ કેમ ઘરમાં સૂતા છો ઉઠો દુકાન ઉઘાડો તો વકરો થાય તથા બીજા પણ કોઇને કહે કે આ ફલાણો તમારો વૈરી છે તેનો નાશ કરો, ઘાત કરો એવી રીતનું જે વિના કારણે બોલવું તે સર્વ પાપોપદેશ અનર્થ દંડ કહેવાય.

એ ચાર પ્રકારના અનર્થ દંડને પરિહરવું એટલે ત્યાગ કરવું તેને અનર્થદંડ વિરમણ વ્રત કહેવાય. આ વ્રતને વિષે અનાભોગાદિકથી જે અતિચાર દોષ લાગ્યા હોય તેને પડિક્કમવા.

**૧. કંદર્પ અતિચાર :-** કંદર્પ એટલે કામવિકારને દીપાવવા માટે વિકાર સહિત વચન બોલ્યા હોઇએ તે પ્રથમ કંદર્પ નામા અતિચાર જાણવો.

**૨. કૌકુચ્ચ-** ભાંડ ભવાઇયાની ચેષ્ટા કરવી, મુખ અને નયનને વિકારેં કરી લોકોને હસાવવા તે બીજો કુચેષ્ટા અતિચાર જાણવો.

**૩. મૌખર્ય -** મુખમાંથી અતિશય વાચાલ પણે અસમંજસ વચન બોલવા. જેમ કે પારકી પંચાત કરવી એટલે બીજાની સારી નરસી વાત હોય તેની તાંત કરવી છોડવી જ નહીં. મોટા સાદે કોઇનો ઝુઠો મર્મ બોલવો તે ત્રીજો મૌખર્ય નામા અતિચાર જાણવો.

**૪. સંયુક્તાધિકરણ -** અધિકરણ તે ઉખલ મૂશલ જેમાં બાજરો મસાલા પ્રમુખ નાખીને મૂશલથી કૂટિયે તે જાણવા અને અનાજ દળવાની ઘંટી, શેલડી પીલવાનો શીસુડો, તીલ આદિ પિલવાની ઘાણી, નિસાદ એટલે દાળ વગેરે વાટવાના પત્થરો, લોઢું, ધનુષ્ય-બાણ જોત્ર-પરણો ઇત્યાદિ અનેક પ્રકારના હિંસાકારી અધિકરણ છે તેને એકત્ર રાખ્યા હોય અને એવા તૈયાર રાખ્યાં હોય કે તેને જોતાં જ કોઇ તેનો ઉપયોગ કરવા માંગતા હોય તો તેનો તે જ વખતે ઉપયોગ કરી શકે. માટે એવી વસ્તુઓ રાખવી જ નહીં. જો રાખ્યા હોય તો એમાં કોઇ પણ વ્યંગ રાખવું જ. એમ છતાં તે વસ્તુ તૈયાર રાખ્યા હોય, કોઇને કામ પડવાથી તરત તેમને આપવામાં આવે એવા હેતુથી દાક્ષિણ્યતાદિક દેખાડવા માટે બીજાને દેવાં-દેવરાવવાં તે ચોથો સંયુક્તા-ધિકરણ નામા અતિચાર જાણવો.

**૫. ઉપભોગ પરિભોગાતિરેક અતિચાર-** પોતાના ઉપભોગ તથા પરિભોગમાં ખપ-યોગ્ય જે વસ્તુ જોઇએ તે કરતાં પણ અતિરેક એટલે વધારો કરવો. જેમ કે સ્નાન માટે જેટલું પાણી તેલ આદિ જોઇએ એના કરતા દ્વિગુણો -ચોગુણો કરી રાખે. વિચિત્ર પ્રકારના ભોજનને વિષે, વસ્ત્રાભુષણ આદિ પહેરવાને વિષે, વસ્ત્રાદિક ઓઢવાને વિષે અત્યંત આસક્તિ કીધી હોય, રાત્રે માથું ગૂંથ્યું-ગુંથાવ્યું હોય તથા વાશીગારે (છાણથી) લીંપણ કર્યું કરાવ્યું હોય, ખોટાં કઠણ વચન બોલાયાં હોય તેમજ અસત્ય વચન બોલાયાં હોય. આ પાંચ અતિચાર ટાળવા પ્રયત્ન કરવો.

આઠમા અનર્થ દંડ વિરમણવ્રતનો સ્વીકાર કરવા આપણને નીચે પ્રમાણે પ્રતિજ્ઞા કરવાની હોય છે-

શરીર કુટુંબાદિ અર્થે ફરજ બજાવવા જે પ્રવૃત્તિ કરવામાં આવે તે અર્થદંડ એ સિવાય જે પ્રવૃત્તિથી આત્માદંડાય અને કર્મ બંધાય તે અનર્થ દંડ. તે અનર્થદંડનો દુર્ધ્યાન, પાપોપદેશ, હિંસાપ્રદાન અને પ્રમાદાચરણના ચાર પ્રકારથી હું ત્યાગ કરું છું.

લીધેલા પચ્ચક્ખાણના સુંદર પાલન માટે નીચેના નિયમો આપણને સહાયતા કરે છે-

(૧) હું આત્મહત્યા કરીશ નહિ, અને આવો વિચાર આવતાં સદ્ગુરુનો સત્સંગ કરીશ.

(૨) હું કોઇની જાન લેવારૂપ હત્યાનો વિચાર નહીં કરું, એવો વિચાર આવતા સત્સંગ કરીશ.

(૩) હું સ્ત્રી યા પુરુષ સંબંધી વાસના-વિકારમય વિચાર નહીં કરું. એવો વિચાર આવતાં જ અશુચિ ભાવનાના સ્મરણ સાથે મનમાં ૧૦૮ વાર મિચ્છામિ દુક્કડં માંગીશ.

(૪) હિંસક ધંધાની કદિ કોઇને સલાહ નહીં આપું.

(૫) હું છુટાછેડા લઇશ નહીં, કોઇને એવી સલાહ આપીશ નહીં.

(૬) હું પ્રેમલગ્ન કરીશ નહીં, બીજાને સલાહ આપીશ નહીં.
(૭)હું પ્રભુ આજ્ઞા વિરુદ્ધ રાત્રિ ભોજન કરવું જોઇએ. કંદમૂળ ખાવું જોઇએ એવો ઉપદેશ આપીશ નહીં.
(૮) હું પાપ કરવાની કોઇને પ્રેરણા આપીશ નહીં.
(૯) હું લોટરીની ટીકીટ લઇશ નહીં.- વેચીશ નહીં.
(૧૦) હું પૈસાથી શરત લગાડીશ નહીં. સટ્ટો રમીશ નહીં.
(૧૧) હું પત્તાથી પૈસાથી જાુગાર રમીશ નહીં.
(૧૨) હું પશુપક્ષીને લડાવવાની, મારવાની, શુટ કરવાની વિગેરે હિંસક વી.ડી.ઓ. ગેમ રમીશ નહીં.
(૧૩) હું મટકા, આંકડા લગાડીશ નહીં.
(૧૪) હું નવરાત્રીમાં ગરબા, ડાન્સ, દાંડિયારાસ રમીશ નહીં, જોઇશ નહીં.
(૧૫) હું હોળી, ધુલેટી વિગેરે તહેવારોમાં રંગ રમીશ નહીં.
(૧૬) હું ફટાકડા ફોડીશ નહીં, વેંચીશ નહીં.
(૧૭) હું પતંગ ઉડાવીશ નહીં, લુંટીશ નહીં અને વેંચીશ નહીં.
(૧૮) હું ક્રિકેટ વિગેરે રમતનો સટ્ટો કરીશ નહીં.
(૧૯) હું ઘરમાં હીરો -હીરોઇનના કેલેન્ડર લાવીશ નહીં. લગાડીશ નહીં.
(૨૦) હું ઘરમાં ટી.વ્હી. કેબલ ડીસો વગેરેને સ્થાન આપીશ નહીં.
(૨૧) હું ટી.વ્હી. સિનેમા જોઇશ નહીં.
(૨૨) હું વરસમાં...... થી વધુ સિનેમા જોઇશ નહીં.
(૨૩) હું સિનેમાના સેક્સી ગીત ગાઇશ નહીં સાંભળીશ નહીં.
(૨૪) હું પાપ કરીને એની પ્રશંસા નહીં કરું.
(૨૫) હું પુણ્ય કરીને એનો પસ્તાવો નહીં કરું.
(૨૬) હું કોઇની નિંદા નહીં કરું, થઇ જશે તો ભગવાનને ૧૨ ખમાસણા આપીશ.
(૨૭)હું ક્રોધ નહીં કરું, ક્રોધ થઇ જશે તો....... રૂા. શુભ ખાતામાં વાપરીશ.
(૨૮) હું કુકડા, મલ્લયુદ્ધ અને કુસ્તી વિગેરે જોઇશ નહીં.
(૨૯) હું ઘોડાની રેસ જોઇશ નહીં- રમીશ નહીં.
(૩૦) હું લગ્ન, મરણ એવં સિમંતાદિ જમણવારમાં ભાગ લઇશ નહીં.
(૩૧) હું પર્વતિથિ, શાશ્વતી ઓળી, પર્યુષણ પર્વાદિમાં અનાજ દળાવીશ નહીં, કુટીશ નહીં, બીજા પાસે આવી પ્રવૃત્તિ કરાવીશ નહીં.
(૩૨) હું બને ત્યાં સુધી કર્કશ-કલેશયુક્ત વચન બોલીશ નહીં.
(૩૩) હું કોઇને શ્રાપ આપીશ નહીં.